પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૭૭ | ૧૮ ડીસેમ્બર, ૨૦૨૦, શુક્રવાર; માગશર - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

## શહેરને બાનમાં ન લઈ શકે

# ખેડૂતોને દેખાવો કરવાનો હક્ક : સુપ્રિમ

**સતત ૨૨મા દિવસે પણ ખેડૂતોનું આંદોલન ચાલુ : ખેડૂતોને દિલ્હીમાં પ્રવેશ માટે મંજૂરી આપવી કે નહીં, તે નિર્ણય પોલીસનો, કોર્ટ કે સરકારનો નહીં, બન્ને પક્ષોની વચ્ચે વાટાઘાટો જરૂરી : સુપ્રીમ કોર્ટ**



નવી દિલ્હી, તા. ૧૭

નવા કૃષિ કાયદા વિરુદ્ધ ખેડૂતોના આંદોલનનો આજે ૨૨મો દિવસ છે. ખેડૂતોને રસ્તા પરથી હટાવવા અંગેની અરજી પર સુપ્રીમ કોર્ટમાં આજે ફરી સુનાવણી હાથ ધરવામાં આવી હતી. સુનાવણી દરમિયાન કોર્ટે કહ્યું કે, પ્રદર્શન ખેડૂતોનો હક છે, પરંતુ રાસ્તા બંધ ના થવા જોઈએ.

સુનાવણી દરમિયાન ચીફ જસ્ટીસે કહ્યું કે, ખેડૂતોને પ્રદર્શન કરવાનો હક છે. પરંતુ કેવી રીતે થાય તેની પર ચર્ચા થઈ શકે છે. કોર્ટે કહ્યું કે, અમે પ્રદર્શનના અધિકારમાં કાપ ન મૂકી શકીએ. પ્રદર્શનનો અંત આવવો જરૂરી છે. અમે પ્રદર્શનના વિરોધમાં નથી પરંતુ વાતચીત પણ થવી જોઈએ.

ચીફ જસ્ટિસે કહ્યું કે, ખેડૂતોને દિલ્હીમાં પ્રવેશ માટે મંજૂરી આપવી જોઈએ કે નહીં, તે નિર્ણય પોલીસનો હશે. કોર્ટ કે સરકારનો નહીં. દિલ્હીને બ્લોક કરવાથી દિલ્હીના લોકો ભૂખ્યા રહેશે. આપનો ઉદ્દેશ્ય ત્યાં સુધી પૂરો નથી થતો જ્યાં સુધી વાતચીત ન થાય. જો આવું ન થયું તો વર્ષો સુધી તમે પ્રદર્શન પર બેઠા રહેશો અને કોઈ પરિણામ નહીં આવે.

ચીફ જસ્ટિસે કહ્યું કે, અમને નથી લાગતું કે ખેડૂતો તમારી વાત

● અનુસંધાન પાન-૭ પર

# ભારતમાં વેક્સીનેશન માટે ૧૩ હજાર કરોડ ખર્ચાશે

**ભારત કોરોનાથી યુએસ બાદ સૌથી વધુ પ્રભાવિત દેશ : ભારતમાં ૨૦૨૧ની શરૂઆતના ૬-૮ મહિનામાં લગભગ ૩૦ કરોડ લોકોના વેક્સીનેશનની તૈયારી કરી લીધી છે**

નવી દિલ્હી,તા.૧૭

કોરોના વેક્સીનેસનના પહેલા ચરણ માટે ભારતને ૧.૮ બિલિયન ડૉલર એટલે કે લગભગ ૧૩ હજાર કરોડ રૂપિયા ખર્ચ કરવા પડી શકે છે. આ વાત આંતરરાષ્ટ્રીય સંસ્થાના આંકડાઓમાં સામે આવી છે. ભારત દુનિયામાં કોરોના મહામારીથી અમેરિકા બાદ સૌથી વધુ પ્રભાવિત દેશ છે. ભારતમાં ૨૦૨૧ની શરૂઆતના ૬થી ૮ મહિનામાં લગભગ ૩૦ કરોડ લોકોના વેક્સીનેશનની તૈયારી છે. તેને વેક્સીનેશનનું પહેલું ચરણ કહેવામાં આવી રહ્યું છે. ભારતના કોરોના વેક્સીનેશન કાર્યક્રમમાં અનેક વેક્સીન સામેલ કરવામાં આવી શકે છે જેમાં એસ્ટ્રાજેનેકા, સ્પૂતનિક, ઝાયડસ કેડિલા અને સ્વદેશી કોવેક્સીન સામેલ છે. સમાચાર એજન્સી રોઈટર્સ દ્વારા ગાવીના ડેટાને રિવ્યૂ કર્યા બાદ સામે આવ્યું છે કે ભારતને ૩૦ કરોડના વેક્સીનેશન માટે ૬૦ કરોડ વેક્સીનના ડોઝની આવશ્યક્તા રહેશે. તેના માટે લગભગ ૧૩ હજાર કરોડ રૂપિયાનો ખર્ચ થઈ શકે છે જે ભારત જેવા વિકાસશીલ દેશની સામે મોટો પડકાર છે. કહેવામાં આવી રહ્યું છે કે જો ભારત ૬૦ કરોડમાંથી ૨૫ કરોડ ડોઝ સુધી સ્વદેશી કોવેક્સીનને પ્રાપ્ત કરી લે છે તો તેના માટે સૌથી વધુ યોગ્ય રહેશે. આવી સ્થિતિમાં પણ ભારતને લગભગ ૧૦ હજાર કરોડ રૂપિયા ખર્ચ કરવા પડી શકે છે.


ઉલ્લેખનીય છે કે, ભારતની સ્વદેશી કોરોના વેક્સીના પહેલા ચરણના કલીનિકલ ટ્રાયલની અધિકૃત ઘોષણા બુધવારે કરી દેવામાં આવી છે. ભારત બાયોટેક અને ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ દ્વારા તૈયાર કરવામાં આવી રહેલી આ વેક્સીન એન્ટીબોડી ક્રિએટ કરવામાં કારગર સાબિત થતી હોય એવું લાગી રહ્યું છે. બીબીવી ૧૫૨ના વેજ્ઞાનિક નામવાળી આ વેક્સીનને ૨થી ૮ ડિગ્રી તાપમાન પર જ રાખવામાં આવે છે. અને આ જ કારણ છે કે આ વેક્સીનની દેશમાં ખૂબ જ આતુરતાથી રાહ જોવામાં આવી રહી છે. કારણ કે ફાઈઝર કે મોડર્નાની વેક્સીન માટે ટેમ્પરેચર કન્ટ્રોલની વ્યવસ્થા કરવી પણ એક પડકાર છે.

# કેજરીવાલે દિલ્હી વિધાનસભામાં કૃષિ કાયદાની કોપી ફાડી નાખી

**કૃષિ કાયદાના વિરોધમાં રાજકારણ વધુ ગરમાયું : ભાજપના તમામ લોકોને અફીણ ખવડાવી દેવાયું છે જેઓ કૃષિ કાયદાના ફાયદા જાણતા નથી છતાં સમર્થન કરે છે**

નવી દિલ્હી, તા. ૧૭

કેન્દ્ર સરકારે બનાવેલા ત્રણ કૃષિ કાયદા પર હવે રાજકારણ વધુ ગરમાયું છે. દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલે હાલ ચાલી રહેલા ખેડૂતોના આંદોલનો વચ્ચે કેન્દ્ર સરકાર પર જોરદાર હુમલો કરતા દિલ્હી વિધાનસભામાં કૃષિ કાયદાની કોપીઓ ફાડી નાખી હતી. તેમણે સરકારને આ કાયદા પરત લેવા અપીલ કરતા કહ્યું કે સરકાર અંગ્રેજોથી પણ બદતર ના બને. અંગ્રેજોએ તો નવ મહિનામાં બિલ પાછા ખેંચી લીધા હતા.



કેજરીવાલે કહ્યું હતું કે કૃષિ કાયદાના ફાયદા ભાજપવાળાને જ નથી ખબર. ભાજપના તમામ લોકોને અફીણ ખવડાવી દેવાયું છે, અને પછી તેમની પાસે જે બોલવાનું છે તે ગોખાવી લેવાયું છે. આજે મેં યોગી આદિત્યનાથનું સમગ્ર ભાષણ સાંભળ્યું, તેમને પણ નથી ખબર કે આ કાયદામાં ફાયદો શું છે.

દિલ્હીના સીએમે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારને ખેડૂતોની તરફદારી કરવી જોઈએ, દલાલોની નહીં. આજે સુપ્રીમ કોર્ટમાં કેસ હતો, ગઈકાલે પણ હતો. અમારા વકીલે સુપ્રીમ કોર્ટમાં ઉભા થઈ કહ્યું કે ખેડૂતોની માગણી વ્યાજબી છે. તેમને માની લેવી જોઈએ. કેસ એટલા માટે હતો કે દિલ્હીની બોર્ડર પર બેઠેલા ખેડૂતોને કારણે ટ્રાફિકમાં સમસ્યા થઈ રહી છે. અમારા વકીલે જણાવ્યું કે તેના માટે કેન્દ્ર સરકાર જવાબદાર છે. આજે જો કેન્દ્ર સરકાર ખેડૂતોની માગ માની લે તો તેઓ ધરણા સમાપ્ત કરી દેશે. તેના પર કેન્દ્ર સરકારના વકીલે કહ્યું કે દિલ્હી સરકારના વકીલ ખેડૂતોની ભાષા બોલે છે. હું કેન્દ્ર સરકારના વકીલન કહું છું કે તે પણ ખેડૂતોનો વકીલ બને. ખેડૂત દેશના અન્નદાતા છે. તેમની વકીલાત નહીં કરો તો શું દલાલોની કરશો?

ઉલ્લેખનીય છે કે, ખેડૂતોના આંદોલનનો મામલો આજે સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો હતો. જેમાં ચીફ જસ્ટિસ એસ.એ. બોબડે અને જસ્ટિસ એ.એસ. બોપન્નાએ સુનાવણી દરમિયાન જણાવ્યું હતું કે કોર્ટ હાલ ત્રણેય કાયદાની વેલિડિટી નહીં નક્કી કરે.

## છેલ્લે... છેલ્લે...

- ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમૈલ્યુઅલ માઈક્રો કોરોનાથી સંક્રમિત.
- રાજસ્થાનમાં ત્રણની તીવ્રતાના ભુકંપના આંચકા.
- તબલીકી જમાત કેસમાં ૩૬ વિદેશીઓ નિર્દોષ જાહેર
- હાથરસકાંડની પીડિતાના ભાઈને સાયકોલોજીક એસેસમેન્ટ માટે ગુજરાત લવાયો.
- જાણીતા ગાયિકા કાજલ મહેરીયા સામે વધુ એક કેસ દાખલ.
- પાકિસ્તાનના ફાસ્ટ બોલર મોહમ્મદ આમીરે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી.
- પ.બંગાળમાં ટીએમસીના ધારાસભ્ય જીતેન્દ્ર તિવારીએ તમામ હોદ્દા પરથી રાજીનામુ આપ્યુ.
- કાશ્મિરમાં ભાજપની રેલી પહેલા આતંકવાદીઓનો ગ્રેન્ડ હુમલો.

# ભારત-બાંગ્લાદેશ વચ્ચે ૫૫ વર્ષથી બંધ રેલવે જોડાણ શરૂ

**ચિલહટી-હલ્દીબાડી રેલવે લિંકને શરૂ કરતા મોદી-હસીના : ભારત-પાકના ૧૯૬૫ના યુધ્ધ બાદથી રૂટ બંધ હતો : ભારત-બાંગ્લાદેશ વચ્ચે સેવા શરૂ થવાથી સબંધો મજબૂત બન્યા**









નવી દિલ્હી, તા. ૧૭

૫૫ વર્ષ પહેલાંની વાત છે. ભારતથી ટ્રેન છૂક-છૂક કરતાં પૂર્વ પાકિસ્તાન (હવે બાંગ્લાદેશ) જતી હતી. હલ્દીબાડીથી ચિલહટી સ્ટેશન જૂના બ્રોડગેજ રેલવે રૂટનો હિસ્સો હતા અને આ લિંક સિલીગુડી અને કોલકતાની વચ્ચે જોડાયેલી હતી. અહીંથી બાંગ્લાદેશ સુધી ટ્રેનો જતી હતી. ત્યારે ૧૯૬૫માં ભારત અને પાકિસ્તાનની વચ્ચે યુદ્ધ થયું અને આ રસ્તો બંધ થઈ ગયો. જો કે છેલ્લાં કેટલાંક વર્ષોમાં બાંગ્લાદેશ અને ભારત સરકારે આ રસ્તાને ખોલવાને લઈ ઘણી ચર્ચા કરી અને આ રસ્તાને સુધાર્યો અને આજે એ દિવસ આવી ગયો જ્યારે ફરીથી આ રેલવે રૂટ શરૂ થઈ ગયો.

પીએમ નરેન્દ્ર મોદી અને બાંગ્લાદેશના પીએમ શેખ હસીનાએ સંયુકત રીતે ચિલહટી-હલ્દીબાડી રેલવે લિંકને શરૂ કરી.

● અનુસંધાન પાન-૭ પર

# ભારતને ચલણની હેરાફેરીના મોનિટરિંગ લિસ્ટમાં મૂકી દીધું

**ભારત પ્રત્યે અમેરિકાના કડક વલણથી આશ્ચર્ય : ચીન, તાઇવાન, જાપાન, દ. કોરિયા, જર્મની, સિંગાપોર, ઇટાલી, થાઇલેન્ડ અને મલેશિયાનો સમાવેશ થાય છે**

નવી દિલ્હી, તા. ૧૭

યુનાઈટેડ સ્ટેટ્સે ભારત પ્રત્યે સખત વલણ બતાવતાં તેને ચીન, તાઈવાન જેવા દસ દેશોની સાથે ચલણની હેરાફેરીઓના 'મોનિટરિંગ લિસ્ટહ્લમાં મૂકી દીધું છે. અમેરિકાએ ભારત સહિત આ યાદીમાં દસ દેશોને શામેલ કર્યા છે. તે તેના તમામ મોટા વ્યવસાયિક ભાગીદારો છે.

ભારત ઉપરાંત ચીન, તાઈવાન, જાપાન, દક્ષિણ કોરિયા, જર્મની, ઈટાલી, સિંગાપોર, થાઈલેન્ડ અને મલેશિયા આ વોચ લિસ્ટમાં છે. યુનાઈટેડ સ્ટેટ્સ પહેલેથી જ વિયેટનામ અને સ્વિટ્ઝર્લેન્ડને ચલણની હેરાફેરીઓની શ્રેણીમાં મૂકી ચૂક્યું છે. યુએસ નાણાં મંત્રાલયે બુધવારે કોંગ્રેસમાં રજૂ કરેલા એક રિપોર્ટમાં આ માહિતી આપી છે.

સમાચાર એજન્સીઓના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે જૂન ૨૦૨૦ સુધીના તેના છેલ્લા ચાર ત્રિમાસિક ગાળામાં અમેરિકાના ચાર મોટા વેપારી ભાગીદાર દેશો-ભારત, વિયેટનામ, સ્વિટ્ઝર્લેન્ડ અને સિંગાપોરએ તેમના વિદેશી વિનિમય બજારમાં સતત દખલ કરી છે.

# દેશમાં કોરોનાના કેસ ૧ કરોડની નજીક

**૨૪ કલાકમાં કોરોનાના વધુ ૨૪,૦૧૦ કેસ, ૩૫૫ દર્દીનાં મોત : કોરોના સંક્રમિતોનો કુલ આંકડો ૯૯.૫૬ લાખને પાર થયો, કુલ ૧૫,૭૮,૦૫,૨૪૦ સેમ્પલનું ટેસ્ટિંગ**

ન્યુ દિલ્હી,તા.૧૭

દેશમાં કોરોનાના કેસોમાં આંશિક ઘટાડો નોંધાયો છે. વિતેલા ૨૪ કલાકમાં નવા પોઝિટિવ કેસો ૨૪,૦૧૦ નોંધાયા છે તેમજ વધુ ૩૫૫ દર્દીનાં મોત થયા હોવાનું જણાયું છે. છેલ્લા થોડાક દિવસમાં ૨૪ કલાકમાં સંક્રમિત લોકોની સંખ્યા ૩૦ હજારથી નીચે નોંધાઈ છે. આ ઉપરાંત એક્ટિવ કેસોમાં પણ નોંધપાત્ર ઘટાડો જોવા મળી રહ્યો છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જાહેર કરેલા આંકડાઓ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૨૪,૦૧૦ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોવિડ-૧૯ના કારણે ૩૫૫ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૯૯,૫૬,૫૫૭ થઈ ગઈ છે.

દેશમાં કરોનાની મહામારી સામે લડીને ૯૪ લાખ ૮૯ હજાર ૭૪૦ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે. ૨૪ કલાકમાં ૩૩,૨૯૧ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. હાલમાં ૩,૨૨,૩૬૬ એક્ટિવ કેસો છે. દેશમાં અત્યાર સુધીમાં કુલ ૧,૪૪,૪૫૧ લોકોનાં કોરોના વાયરસના કારણે મોત થયા છે.

આઈસીએમઆરએ ગુરૂવારે જાહેર કરેલા આંકડાઓ મુજબ, ૧૭ ડિસેમ્બર સુધીમાં ભારતમાં કુલ ૧૫,૭૮,૦૫,૨૪૦ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ રવામાં આવ્યું છે. નોંધનીય છે કે, બુધવારના ૨૪ કલાકમાં ૧૧,૫૮,૯૬૦ સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે.

દેશમાં કોરોનાનો રિકરવરી રેટ ૯૫.૩૧ ટકા રહ્યો છે જ્યારે મૃત્યુદર ૧.૪૫ ટકા નોંધાયો છે.

# ઈસરોએ ૪૨મો કમ્યુનિકેશન સેટેલાઈટ લોન્ચ કર્યો

**શ્રીહરિકોટાના સતીષ ધવન સ્પેસ સેન્ટરથી કમ્યુનિકેશન સેટેલાઇટ (CMS-01)નું લોંન્ચિંગ કર્યું : કોરોના કાળમાં બીજું અને આ વર્ષનું છેલ્લું મિશન**

શ્રીહરિકોટા,તા.૧૭

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશનએ ગુરુવારે શ્રીહરિકોટાના સતીષ ધવન સ્પેસ સેન્ટરથી કમ્યુનિકેશન સેટેલાઈટ (ઝસ્જી-૦૧)નું લોંન્ચિંગ કર્યું છે. આ લોંન્ચિંગ બપોરે ત્રણ વાગેને ૪૧ મિનિટ પર PSLV-C50 રોકેટ દ્વારા કરવામાં આવ્યું હતુ. કોરોના કાળમાં સેટેલાઈટનું આ બીજું પ્રક્ષેપણ છે.

CMS-01એ ભારતનો ૪૨મોં સંચાર ઉપગ્રહ છે. તે ભારતના ભૂમિ વિસ્તાર ઉપરાંત અંદમાન નિકોબાર અને લક્ષદ્વીપને આવરી લેશે. આ વર્ષનું ઈસરોનું આ છેલ્લું મિશન પણ છે. આ સેટેલાઈટ સાત વર્ષ સુધી કામ કરશે.

૪૪ મીટર ઉંચા ચાર-સ્ટેજવાળા PSLV-C50 'XL' કોન્ફિગ્રેશનમાં PSLVની આ ૨૨મી ઉડાન છે. નોર્મલ કોન્ફિગ્રેશનમાં PSLV ચાર તબક્કા / એન્જિનવાળું રોકેટ છે. કોઈ મિશન માટે ઉપયોગમાં લેવાતા રોકેટની પસંદગી સેટેલાઈટના વજન અને તેની ભ્રમણકક્ષા પર આધારિત છે જયાં સેટેલાઇટને ચક્કર લગાવવાના છે.

લોંચ થયાના ૨૦ મિનિટ પછી PSLV-C50 સેટેલાઈટને ઈજેક્ટકરી દેશે. CMS-01 ઓર્બિટમાં GSAT-12ની જગ્યા લેશે. ૧૧ જુલાઈ, ૨૦૧૧ના રોજ ૧,૪૧૦ કિલો વજનનું GSAT-12ને લોન્ચ કરવામાં આવ્યો હતો. તેનું આયુષ્ય આઠ વર્ષનું હતુ.

આ પહેલા ISROએ સતિષ ધવન સ્પેસ સેન્ટરથી અર્થ ઓબ્જર્વેશન સેટેલાઈટ -૧ (EOS-1) લોન્ચ કર્યો હતો. તે રડાર ઈમેજિંગ સેટેલાઈટ છે. PSLV-C49 રોકેટ દ્વારા દેશના ઈઓજી-૧ની સાથે ૯ વિદેશી ઉપગ્રહો પણ મોકલવામાં આવ્યા હતા.



**Film Audition**

Required male/ female & kids for all type character for Hindi movie.

Date: 20,21,22 December
Time: 10 am to 4 pm.

Place:
Bharat Mata Temple,
Nr. Shopping Center,
Sector- 7- A, Gandhinagar

Contect :
9429433678, 9100184363

FIGHT CORONA M. 90998 72551

સેનેટાઈઝ સર્વિસ

ફ્લેટ | બંગલો | ઓફીસ | બિલ્ડીંગ

૫ લિટર સેનેટાઈઝર તથા ૫ N95 માસ્ક ફ્રી આપવામાં આવશે.

FDA & ISO સર્ટીફીકેટ વાળા સેનેટાઈઝર સ્પ્રે થી ક્વોરનટાઈન પહેલા અને પછી પણ સર્વિસ આપવામાં આવશે.